# ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ/નિગમની રચના તથા અન્ય વહીવટી ઠરાવો

## સફાઇ કામદાર વિકાસ બોર્ડની રચના બાબત

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
(સમાજ કલ્યાણ પ્રભાગ)
ઠરાવ ક્રમાંકઃ-પરચ/૧૦૯૧/૧૬૧૮/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૧૫/૧૦/૧૯૯૪

**ઠરાવઃ-**

અનું. જાતિઓ માટે શૈક્ષણિક, આર્થિક વિકાસ અને આરોગ્ય, ગૃહ નિર્માણની યોજનાઓ સમાજ કલ્યાણ ખાતા દ્વારા અમલમાં મૂકવામાં આવે છે. અનું. જાતિની યાદીમાં ભંગી જાતિનો સમાવેશ ક્રમાંક-૫ આગળ કરેલ છે. અનું. જાતિને મળતી તમામ યોજનાનો લાભ ભંગી જ્ઞાતિને મળવા પાત્ર થાય છે. પરંતુ આ જાતિના લોકો મુખ્યત્વે સફાઇ અને મેલુ ઉપાડવાની કામગીરી કરે છે તેમજ સમાજમાં તેઓ અતિપછાત પૈકીની જાતિઓમાં આવે છે. આથી ભંગી જાતિના સર્વાંગી વિકાસ માટે “સફાઇ કામદાર વિકાસ બોર્ડ“ની રચના કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

૨ આ બોર્ડનું કાર્યક્ષેત્ર અનુંસૂચિત જાતિની યાદીમાં “ ભંગી “ તરીકે સાવિષ્ટ થયેલ તમામ પેટા જાતિઓના સભ્યો પુરતુ મર્યાદિત રહેશે.

3 આ બોર્ડનો મુખ્ય ઉદ્દેશ અને હેતુ નીચે પ્રમાણે રહેશે :-

(૧) આ બોર્જનો ઉદ્દેશ કેન્દ્ર તથા રાજ્ય સરકારની સાથે સંકલનમાં રહી આ જાતિના લોકોનો આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક વિકાસ કરવાનો રહેશે.

(૨) આ વર્ગના લોકોની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિનો સર્વે કરી તેના વિકાસ માટે પગલા સુચવવાના થશે.

(૩) કેન્દ્ર સરકારની સફાઇ કામદારોના પુનઃસ્થાપન માટેની યોજનાના મુળભુત આશય સાથે સુસંગત રહી તેના અસરકારક અમલ માટે જરૂરી સલાહ સુચન કરશે.

(૪) સફાઇ કામદારોમાં અને તેમના આશ્રિતોમાં શિક્ષણનો વ્યાપ વધે અને તેઓ આત્મનિર્ભર અને સ્વમાનથી જીવન જીવી શકે તે માટે શિક્ષણ અને તાલીમની સલાહ આપવી.

(૫) હાલના વંસપરંપરાગતના ધંધામાંથી મુક્ત થઇને વૈકલ્પિક વ્યવસાય કે ધંધામાં જોડાય તેવું વાતાવરણ તૈયાર કરવું તથા સલાહ આપવી.

(૬) સફાઇ કામના વ્યવસાયને વધુ માનવીય અને વૈજ્ઞાનિક ધોરણે મુકી હાલની સામાજીક સુગમાંથી મુક્તી આપાવવની.ચ

(૭) વૈકલ્પિક વ્યવસાયમાં પુનઃસ્થાપન માટે શૈક્ષણિક અને તાત્રિક તાલિમની સંસ્થાઓ સ્થાપવા/શરુ કરવા ભલામણ કરવી.

(૮) આર્થિક વિકાસની યોજનાઓ વિચારવા અને તેનો અમલ કરવા માટે સલાહ આપવી તથા તેના સંકલનની કામગીરી કરવી.

(૯) લોકોમાં આ વર્ગ પ્રત્યે સમભાવ અને સહાનુભુતિ પ્રગટે તેવા સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો ઘડી કાઢવા અને વાતાવરણ તૈયાર કરવું.

(૧૦) આ વર્ગની મહિલાઓના શૈક્ષણિક, સામાજિક ઉત્કર્ષ માટે ખાસ યોજના શરુ કરવી અને તેનો અમલ કરવો.

(૧૧) સરકારશ્રી તરફથી ઉપરોક્ત હેતુઓ માટે સોંપવામાં આવે તે અન્ય કામગીરી.

૪ ઉપર્યુક્ત ઉદ્દશો સિધ્ધ કરવા માટે બોર્ડ નીચે પ્રમાણેના પગલા ભરવાના રહેશેઃ-

(૧) આ જાતિઓના ઉત્કર્ષ અંગે આ પહેલા રાજ્ય સરકાર અથવા તો બીજી સંસ્થાઓ ધ્વારા થયેલ કાર્યવાહીનું અવલોકન કરીને અત્યારે અપાતી સવલતો તથા લાભો વગેરે બાબતોમાં જરૂરી સલાબ સુચન કરવા.

(૨) આ જાતિઓએ શૈક્ષણિક, આર્થિક અને અન્ય ક્ષેત્રે હાંસલ કરેલી પ્રગતિનું મુલ્યાંકન કરવું.

(૩) આ ઉપરાંત આ જાતિોના ઉત્કર્ષ માટે સામાજિક, શૈક્ષણિક અને આર્થિક ક્ષેત્રે જે કાર્યવાહી કરવી આવશ્યક જણાય તે હાથ ધરવી.

૫ સફાઇ કામદાર વિકાસ બોર્ડની સોસાયટીઝ રજીસ્ટ્રેશન એકટ,૧૯૬૦ હેઠળ નોંધણી કરાવવાની રહેશે.

૬ બોર્ડની કુલ સભ્ય સંખ્યા સરકારશ્રી નક્કી કરે તે મુજબ રહેશે. જેમાં બીન સરકારી સભ્યો પૈકી ઓછામાં ઓછા બે સભ્યો તરીકો મહિલાઓની નિમણૂક કરવાની રહેશે. બીન સરકારી સભ્યોમાંથી એ અધ્યક્ષ અને એક ઉપાધ્યક્ષની નિમણૂંક કરવાની રહેશે. સરકારી સભ્યો નીચે દર્શાવ્યા પ્રમાણેના રહેશેઃ-

(૧) સંયુક્ત સચિવ/નાયબ સચિવ, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (સ.ક.પ્રભાગ) સચિવાલય, ગાંધીનગર.

(૨) નિયામક, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય ગાંધીનગર.

(૩) નાણાં સલાહકારશ્રી, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (સ.ક.પ્રભાગ) સચિવાલય, ગાંધીનગર.

(૪) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનું. જાતિ આર્થિક વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(5) સચિવ, સફાઇ કામદાર વિકાસ બોર્ડ, જેઓ બોર્ડના સભ્ય સચિવ તરીકે રહેશે.

નિયામક, રોજગાર અને તાલીમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને જરૂર જણાયે બોર્ડની બેઠકમાં ખાસ આમંત્રિત તરીકે બોલવવાના રહેશે.

૭ આ બોર્ડનું વડુ મથક " ગાંધીનગર" ખાતે રહેશે.

૮ આ બોર્ડની રચના કરવામાં આવતા ચાલુ નાણાકીય વર્ષ એટલે કે ૧૯૯૪-૯૫ દરમ્યાન આવર્તક તેમજ અનાવર્તક મળીને અંદાજીત રૂ. ૧૬.૪૪ લાખ અને પછીના વર્ષમાં આવર્તક અંદાજીત ખર્ચ રૂ. ૨૨.૦૦ લાખ

થવાનો સંભવ છે જે આયોજન સદરે સમાજ કલ્યાણ વિભાગને ફાળવાયેલ સીલીંગની મર્યાદામાં રહીને મેળવવાનો રહેશ.

૯ આ બોર્ડને લગતી અન્ય આનુષંગિક બાબતો અંગે હવે પછી હુકમો કરવામાં આવશે.

૧૦ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૧૫/૧૦/૯૪ની નોધથી મળેલ સમંતિ બાદ રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી

(કે ડી રાઠોડ)

નાયબ સચિવ,

સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ

(સમાજ કલ્યાણ પ્રભાગ)

પ્રતિ,

નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન ગાંધીનગર

માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

મંત્રીશ્રી(સ.ક)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

સંસદીય સચિવશ્રી (સ.ક)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ

નિયામકશ્રી, સમાજ કલ્યામ ખાતુ, ગાંધીનગર

મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનું. જાતિ આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર

સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી

સર્વે જિલ્લા મેનેજર, ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ કોર્પોરેશન

સચિવાલયના સર્વે વિભાગો

આ વિભાગની સર્વે શાખાઓ

સર્વે ખાતાના વડાઓ

પસંદગી ફાઇલ.